# અજવાળાં ઉતારો આપણ દેશમાં

—ચંદ્રકાન્ત ઠાકર



ઝાડનાં પારખાં ફળ પરથી – ૨

લોકભારતી પ્રકાશન – સણોસરા

ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી : ૨

# અજવાળાં ઉતારો આપણ દેશમાં

– ચંદ્રકાન્ત ઠાકર

લોકભારતી પ્રકાશન
સણોસરા – ૩૬૪ ૨૩૦
તાલુકા : શિહોર (જિ. ભાવનગર)
ગુજરાત. ભારત. **(India)**

પ્રકાશક :
નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬
સંકલન : જુગલકિશોર
૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.
ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

# અનુક્રમ

ઉપહાર ........ 3

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ........ 4

છે ઝાડવું એ લોકભારતી ........ 3

લોકભારતીનો સંપર્ક અને વિસ્મૃતિ ........ 8

સ્મૃતિલોપે બુદ્ધિનાશ-બુદ્ધિનાશે વિનાશ છે ........ 10

નાનાદાદાની પ્રેરણાથી ઉજાસ ભણી ........ 11

પછાત પ્રદેશમાં પાછો ........ 15

શ્રાપ કે આશીર્વાદ ? ........ 18

ફળ વીણવા મંડ્યો ........ 19

સંસ્થાની સ્થાપના ........ 22

લોકોની વકીલાત – દુષ્કાળ પાર કર્યો ........ 23

રૂપેણની રેલે ફત્તેપુર તાણ્યું ........ 26


પણ આ ‘રેલે’ મારી કેડ ભાંગી નાખી ........ 28

શંખેશ્વર કેન્દ્ર સ્થાપ્યું : આરોગ્ય, ખેતી, ખાદીની પ્રવૃત્તિઓ શરૂ ........ 29

રાજકારણની સમજ ........ 31

મા-દીકરો ........ 34

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ,

એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા**ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) **તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## છે ઝાડવું એ લોકભારતી

આ દેશમાં, ગુજરાતમાં મહેસાણા બહુ દૂર

સમી તાલુકે સાવ છેવાડે વસ્યું ફત્તેહપુર.

ખેતર ખોળો ખૂંદતો, સાવ અજ્ઞાન શો પડ્યો;

આળસુ, અબૂધ નિશ્ચેત પથ્થર બેસૂર.

સન પંચાવન મહીં, જ્યાં સ્પર્શ 'નાના'નો થયો.

લોકભારતીની મહીં, પથ્થર આ માનવ થયો.

આગળ ભણ્યો, ડૉક્ટર થયો, નિજ ગામમાં વસતો હતો,

ચૂસાય તેટલું રક્ત, દીનોનું હવે ચૂસતો હતો.

ત્યાં રાત્રીના સ્વપ્ના મહીં, ગુરુતણાં દર્શન થયાં,

'તું છોડી દે શોષણ બધું' જ્ઞાન એ દેતા ગયા.

ને મેંય માની વાત વ્હાલી, સર્વ છોડીને ગયો,

સર્વિસમાં સરકારની, શાંતિથી જંપી ગયો.

પણ શેં વળે ત્યાં જંપ, જ્યાં સરકારમાં સુસ્તી હતી,

શક્તિ કરતાં કામ ઓછું, એ સહુ તણી વૃત્તિ હતી.

ને ત્યાં વળી મુજ હૃદય મહીં, કોણે જ દુ:ખાવો કીધો,

તે શે'ર છોડી ગામડે, 'હું'ને સદા વસતો કીધો.

ગામ ફત્તેહપુર ફરી, પથ્થર મટી માનવ થઈ,

પાછો વળ્યો હું વીસ વર્ષે, ગ્રામીણનોય ગ્રામીણ થઈ.

શરૂ કરી સંસ્થા તહીં, શિક્ષણ દેતી, કોડિયું શી,

પ્રગટાવવા દીપાવલી અન્ય કાજે ઘોડિયું શી.

દુષ્કાળમાં ડગ્યો નહીં, પૂર પણ પસાર કીધું,

લોકોની સાથે ઉ.બુ. શંખેશ્વર, સર્જન કીધું.

અંબર માટે મુજપુરને માધ્યમ બનાવીને ઘરે,

રોજી દેતા રેંટિયા, ચારસો ફરતા રહે.

આરોગ્યની ચિંતાયે વળગી, દવાખાનું પણ કીધું.

ન્હેર નાનીયે બનાવું, સંમેલન મોટું કીધું.

રાજકારણને ન સમજું વેગળું મારા થકી,

શીખેલ ગુરુ-મંત્ર, નજર સામે સદા રાખી.

છે ઝાડવું એ ભારતી, હું તો એનું ફળ છું,

સ્વાદીષ્ટ હોઉં કે કટુ પણ ગામડાનું બળ છું.

વકીલ થૈ લોકો તણો વૈદકે ચલવી શકું,

ને આમ નાના કાર્યથી ગુરુદક્ષિણા કંઈ દઈ શકું.

## લોકભારતીનો સંપર્ક અને વિસ્મૃતિ

ધ્રુબાંગ, ધ્રુબાંગ, ધ્રુબાંગ ઢોલ પર નથવો ઓર રંગમાં આવી જઈ દાંડી પીટે જાય છે. ગામના પ્રતિષ્ઠિત આગેવાનો અને યુવકો આવે જાય છે. સૌનો ઉત્સાહ અનેરો છે. બહારથી કોઈ ઢોલ સાંભળે તો એમ જ માને કે અહીં લગ્નપ્રસંગ હશે, પણ ખરેખર તો આજે ગામમાં 'યુવક-મંડળ'ની સ્થાપના થઈ રહી છે.

સને ૧૯૫૫માં લોકભારતીના અધ્યાપન મંદિરમાં ભણવા ગયો. પહેલાંનું ભણતર જુદે જુદે રહી અધૂરું મૂકી, વચ્ચે ત્રણ વર્ષ ખેતી કરી અને પછી લોકભારતીમાં ભણવાનું શરૂ કરેલું. નવી જ દુનિયા, નવું જ શિક્ષણ. મૂળશંકરભાઈની મમતા, નાનાદાદાનો પ્રેમ, મનુભાઈની પ્રેરણા અધ્યાપકોનો એકાત્મભાવ, પ્રાર્થના, પ્રાર્થનાનાં પ્રવચનો. માત્ર છ માસના નજીવા ગાળામાં ત્યાં રહેતાં રહેતાં અંત:ચક્ષુ ઊઘડ્યાં.

પ્રથમ વૅકેશને જેવો ઘરે આવ્યો કે તરત જ યુવકોને મળ્યો.

'આપણા ગામ માટે કાંઈક કરવું જોઈએ' તેવો વિચાર કરી સૌએ નક્કી કરેલું તેથી તો આ ઢોલ વાગતો હતો. આજે યુવકમંડળ સ્થપાઈ રહ્યું છે, સૌ ખુશખુશાલ છે. હું વડીલોને 'યુવકમંડળ' વિશે ખ્યાલ આપું છું. 'બોરિંગ ઘાટ સાફ કરીશું, રસ્તા સફાઈ કરીશું, દવાખાનું પણ ચલાવીશુ.'ને બીજે જ દિવસથી રાત્રે તે વૅકેશન દરમિયાન, રોજ દોઢ કલાક સૌ યુવકોએ શ્રમ શરૂ કર્યો. ગામની રોનક બદલાવા માંડી.

અધ્યાપનમંદિરમાં ઉદ્યોગ હતો કાંતણ-વણાટ. વણાટ માટે સૂતરનું દુપટ કરવાનું હોય. હાથે પાર ન આવે. મારો જીવ ઝડપી દુપટ કરવા શું કરવું તેમાં ચોંટ્યો. એક ચક્કર ફરે અને એક સાથે ચાર-છ ત્રાક ફરે તેવા રેંટિયાના સંશોધનમાં પડ્યો. પૂ.નાનાદાદાએ જાતે જોયું, અને મને તે કામ માટે પ્રોત્સાહન આપવા કેટલાક તાસમાંથી છુટ્ટી પણ અપાવી. તેઓએ જાતે તો રસ લીધો જ; ઉપરાંત પૂ.કાકાસાહેબને પણ બતાવ્યું : 'જુઓ આ રેંટિયો, અમારા વિદ્યાર્થીએ શોધ્યો.' કેટલા ગૌરવથી તે શબ્દો બોલ્યા હતા નાનાદાદા, તે વાતે મારા મનમાં ઉદ્યોગનો જે પોરસ ચડાવ્યો તેનો આજના મારા ખાદીકામના રસ સાથે સંબંધ હોય તેમ હું અનુભવું છું.

અધ્યાપન પૂરું કર્યું. મારા નસીબમાં શિક્ષકનો વ્યવસાય નહીં લખાણો હોય. મનુભાઈની ભલામણથી વેડછી લોકશાળાના છેલ્લા વર્ષમાં દાખલ થઈ, આંબલા પરીક્ષા આપી, લોકશાળા વિનીત થયો.

આગળ શિક્ષણનાં બારણાં ખૂલતાં દિશા ફંટાણી. કૉલેજજીવન શરૂ થયું. ખાદીનાં ચડ્ડી-શર્ટને બદલે મિલનાં પેન્ટશર્ટ શરૂ થયાં. વાત-પિત્ત-કફનું ભણતર અને સંસ્કૃત ગોખવાનું શરૂ થયું. પછીનાં બે વર્ષ વડોદરા અભ્યાસ કરવા ગયો, ત્યાં તો વિદ્યાર્થી-અધ્યાપકો વચ્ચે કાંઈ સંબંધો જ નહીં. ઊલટા ઝગડા. તેવે સમયે 'જનરલ સેક્રેટરી' તરીકે સફળ કામગીરી કરી. તેનો યશ લોકભારતીએ આપેલ અધ્યાપકો તરફની આદરની દૃષ્ટિને જાય છે.

લોકભારતીનો અધ્યાપક જેવું બોલે તેવું કરે, જેવું કરે તેવું જીવે – અહીં જુદું દેખાયું. કેટલાક અધ્યાપકો આયુર્વેદ બરાબર ભણાવે પણ તેમને ઘેર જઈએ તો દેખાય કે પ્રેક્ટિસ એલોપથીની ! મનમાં દ્વિધા થાય. આ શીખવે છે તો આમ, ને કરે છે જુદું. આ વાતાવરણે ચાર જ વર્ષમાં મારા કાચા મનને ફેરવી નાખ્યું.

મારા વતન મુજપુરમાં જ મેં દવાખાનું ગોઠવી પ્રાઈવેટ પ્રેક્ટિસ શરૂ કરી. ફરતાં ગામડાંમાં ક્યાંય ડૉક્ટર નહીં. હા એક સરકારી દવાખાનું મુજપુરમાં ચાલે, પણ તે ડૉક્ટર પણ શહેરમાં જવા તૈયારી કરી રહ્યા હતા. આમ કમાવાની ઊજળી તક હતી,

## સ્મૃતિલોપે બુદ્ધિનાશ-બુદ્ધિનાશે વિનાશ છે.

સવારે સાતથી દવાખાનું શરૂ કરું તે છેક સાંજે સાત સુધી. ઘડીનીય નવરાશ નહીં. એક જ લક્ષ્ય – કમાવાનું. જ્યાં કમાવા બેઠા ત્યાં પછી જોવાનું શું ? અજ્ઞાન પ્રજાનો પૂરેપૂરો લાભ લેવા માંડ્યો. જે આવ્યો તેને આંખો મીંચીને ઇંજેક્શન આપવા લાગ્યો ને ઇંજેક્શનના ભાવ ? જેવી ગરજ ૨, ૩, ૫, ૧૨, અરે ! ફાવે તેટલું ઝૂડવાનું. મારો એક મિત્ર ગુલાબહુસેન કહે :'ચંદ્રકાન્ત, કંઈક શક્તિ વધે તેવું કર ને ?' કહ્યું : 'ગુલાબ, બાર રૂપિયા થશે.' મિત્રને બી-કોમ્પ્લેક્ષ જેવું ૧ રૂપિયાનું ઇંજેક્શન ૧૨ રૂ. લઈ ધૂતવામાં બાકી ન રાખ્યું. 'અરે વશરામભાઈ ! આ તો મોતીની ભસ્મ. ખાઓ એટલે કોઈ રોગ ન રહે.' નકરો લોટ જેવો ભૂકો ૫૦ પૈસામાં લઈ ૫૦ રૂપિયામાં, મોતીની ભસ્મ કહીને આપતાં – લોકોને ખવડાવવામાં મને ક્યાંય લોકભારતી ન નડી. 'વિઝિટે લઈ જવો છે ? ઘોડો લાવ્યા છો ? તો જ આવું, નહીં તો ગાડું લાવો.' આવું કહી કેટલાંય દર્દીઓનાં સગાંને હેરાન કર્યાં છે. તેઓ ગરજના રાંક, ક્યાં જાય ? એમાંય જો સુવાવડના કેસ માટે બોલાવવા આવે તો તે મર્યો જ સમજો. ૨૦૦-૩૦૦ રૂ.માં ઢાળી દેવાનો. મારો સ્નેહી મનુ સોની. તેની પત્નીની સુવાવડ વખતે તેને મારા માટે સોનાનો દોરો વેચવો પડ્યો. કૉલેજે જાણે લોકભારતીના સંસ્કાર જ ભૂંસી નાખ્યા. હું માનવ મટી રાક્ષસ ડૉક્ટર બની ગયેલો.

હા, તે વખતે મુજપુરમાં મારા મિત્ર માનજી, ગોપાળજી, મંગળ રામી વગેરેનો સાથ લઈ એક છાત્રાલય શરૂ કર્યું હતું. ક્યારેક ત્યાં રાત પણ રહેતો ને 'ચાલો આપણે અહીં સંસ્થા શરૂ કરીએ, તે દ્વારા ગામડાનું કામ કરીએ.' એવી કલ્પના પણ કરતો. આમ સદાબહાર વાલિયાના મનમાં છાત્રાલયના કામરૂપે ક્યારેક વાલ્મીકિનાં દર્શન જરૂર થતાં. ચાર માસ આમ ચાલ્યું અને પાંચમાં માસની એક મેઘલી મધરાતે મારા જીવનમાં અજવાળાં પાથર્યાં – ઉજાસ ભણી ચાલવાની શરૂઆત થઈ.

## નાનાદાદાની પ્રેરણાથી ઉજાસ ભણી

તે દિવસે વહેલી સવારે મૂળશંકરભાઈ ગવરાવતા તે 'જાગો જાગો જન જુઓ, ગઈ રાત વહી' ગવડાવતાં ગવડાવતાં વિદ્યાર્થીઓને સ્નાનઘાટથી સફાઈ કરાવી, બધાના દાંત તપાસ્યા અને પ્રાર્થના વખતે ભૂલથી નાનાદાદાને યાદ પણ કરી લીધા ને દવાખાનાના કામે ચડ્યો.

વળી કમાવાનું-છેતરવાનું કારખાનું શરૂ કર્યું. સાંજ સુધીમાં ૮૦ રૂપિયાની પ્રેક્ટિસ કરી લીધી. એક હરિજન. કંઈ પૈસા નહિ, તેને દવાના પૈસા માટે ખૂબ તતડાવ્યો. તે રોઈ પડ્યો. એક દર્દીને ઈંજેક્શન પાકેલું તે મટાડવાના ૨૦ રૂપિયા લીધા. એકે કહ્યું, 'સાહેબ ! આ મારા દીકરાની દવા કરો, મારી પાસે પૈસા નથી, તાવે ધગધગે છે. કાંઈક દવા દો.' તો મેં જ્ઞાન આપ્યું, 'જો સરકારી દવાખાને લઈ જા, પૈસા ન હોય તો અહીં ન અવાય.' આ હતી મારી રાક્ષસીવૃત્તિની પરાકાષ્ઠા.

સાંજે પ્રાર્થનામાં ગયો. કેવું બેવડું દંભી જીવન ! દિવસે દયાહીન પણ રાત્રે પ્રાર્થના તો કરું જ. પ્રાર્થનાની પ્રેરણામાં લોકભારતીનો અંકુર હતો તેમ આજે લાગે છે.

અચાનક આકાશમાં વાદળાં ઘેરાયાં. રાત ઘેરી બની. મેઘલી રાતે ભીના મને જાણે કઠણ કાળજું પોચું પડ્યું હતું. મેડા પર સૂવા ગયો. વીજળીના ઝબકારે બેઠો થઈ જાઉં. બાપુજીએ કહ્યું : 'ચંદ્રકાન્ત એક દી' મારે એવું બનેલું કે મેડા પર સૂવા આવ્યો ત્યાં તો કોઈક બૈરું ઊભું થઈ સડસડાટ બારીમાંથી સળિયા સોંસરું બહાર નીકળી ગયું. હું તો ગાયત્રીમંત્ર જપતો જપતો બેસી રહેલો.' ત્યાં પવનથી બારી ખૂલી ગઈ. મેં પણ ગાયત્રીમંત્ર જપતાં જપતાં હિંમત કરી બારી બંધ કરી, આડો પડ્યો ને...

ને પગથિયાં પર કોઈનો ચડવાનો અવાજ આવ્યો, ટપ, ટપ, ટપ.

મારી આંખો દાદરા તરફ મંડાણી.

નાનાદાદા દેખાયા.

'દાદા તમે ? તમે તો મૃત્યુ પામ્યા છો. '

'મૃત્યુ ? હું મરી શકું ? હા, શરીરનો જરૂર નાશ થયો છે, પણ મોક્ષ ? મોક્ષ ક્યાં સહેલો છે ?'

'દાદા ! પણ તમારા જેવા માટે તો મોક્ષ સહજ હોય.'

'હોય, પણ તારા જેવાને પેદા કર્યા છે તેથી મોક્ષ મોંઘો થયો.

'મારા જેવા ? હું શું કરું છું દાદા ?'

આકૃતિ નજીક આવ્યે જતી હતી.

'તું ? તું શું કરે છે તે તો તારી જાતને જ પૂછને ! વૈદ્ય થઈને વૈદક કરે છે પણ દેશી દવાને બદલે ઇંજેક્શનો જ ખોસવા માંડ્યો છે, લૂંટવા માંડ્યો છે, શું તું બરાબર કરે છે ?'

હું ગભરાતો હતો છતાં સ્વસ્થ રહી પૂછયું, 'શું કરું દાદા ! કમાવું તો જોઈએ જ ને ?'

કમા, પણ 'હા, આયુર્વેદનું કામ કરીને.'

'કેવી રીતે ?'

'જા, સુરેન્દ્રનગર જઈ, આયુર્વેદ દવાખાનામાં જોડાઈ જા !'

ભલે-ભલે દાદા. હજી 'દાદા' શબ્દ બોલું તે પહેલાં આકૃતિ ગાયબ. રૂમ હળવો થયો. હું ઊઠ્યો અને નીચે ઊતરી પુસ્તક લઈ વાંચવા બેઠો. મોડેથી સૂતો ને ઊઠ્યો. ગઈ કાલનો ચંદ્રકાન્ત – 'ડૉક્ટર ચંદ્રકાન્ત' ગુજરી ગયો. વૈદ્ય ચંદ્રકાન્તે વહેલી સવારે રાતની સ્મૃતિ – આદેશ મુજબ પહેરેલે કપડે જ સુરેન્દ્રનગર જવા વાટ પકડી.

'શું આવ્યા છો ? બોલો.' લોકલબોર્ડના એ. ઓ. એ કાગળમાંથી માથું ઊંચું કર્યું.

'વૈદ્ય છું, ડી. એસ. એ. સી. થયો છું. નોકરી જોઈએ છે.'

'ભલે, લાવો અરજી.'

'કેવી લખું ?'

'લખી દો, આપનો ઓર્ડર મળતાં તરત ફરજ પર હાજર થઈશ.'

અરજી દીધી, ને ધોળાકિયાસાહેબે તરત હુકમ ટાઈપ કરાવ્યો. સાંજે ૫ વાગે મને હુકમ હાથમાં આપતાં કહ્યું : 'તમે અત્યારે જ કોંઢ જાઓ. ત્યાં વૈદ્યરાજને મળી સાપકડા તા. હળવદનો ચાર્જ સાંભળી મને રિપોર્ટ કરજો.'

મારા જીવનનો આ મોટો ચમત્કાર, નાનાદાદાની પ્રેરણાથી હું સુરેન્દ્રનગર તો આવેલો, પણ વૃત્તિ તો ચકાસવાની હતી; અને અહીં તો સીધો ઓર્ડર જ મળી ગયો. વિના-ઇન્ટરવ્યૂએ આમ હુકમ મળે તે ચમત્કાર નહીં તો બીજું શું? આમ અંધકારની ઊંડી ખાઈમાંથી ખેંચી મને યોગ્ય માર્ગે મૂકનાર એ ગુરુની ગુરુતાને ધન્ય છે.

## સેવાવૃત્તિનો વિકાસ

'તમારા ઘરમાં કોઈ માંદું તો નથી ને ? લ્યો ઘેમરભાઈ આ સીતોપલાદિ. મારી જ બનાવેલી છે. શરદીમાં કામ લાગશે'

'નરોત્તમભાઈ, ઈશ્વરભાઈ, આ આંબળાનું જીવન સપ્તધાતુવર્ધક છે.'

સાપકડા પછી ગ્રામભારતી ઉત્તરબુનિયાદીનો વૈદ્ય બની ઘેર ઘેર ફરી, ઘરે જ દવાઓ બનાવી સાચું વૈદક કરવાનો પ્રયત્ન કરતો, આયુર્વેદમય બની રહ્યો. અને પૂર્વજીવનનું પ્રાયશ્ચિત કરી આનંદ પામતો રહ્યો.

સાચા પાટે મૂકેલી ગાડી આગળ ચાલી. મુજપુરની ૧૦૦૦-૧૫૦૦ રૂપિયાની પ્રેક્ટિસ છોડાવેલ તે દાદા એટલી નૈતિકતાપૂર્વક રળાવે નહીં તો તેની ઇજ્જત જાય.

પરિસ્થિતિવશાત્ મારે અમદાવાદ જવાનું થયું. ત્યાં પણ પછી વિમાયોજનાના વૈદ્ય તરીકે નિમણૂક થઈ. ઊંચો દરજ્જો, સારો પગાર, રહેવા બંગલો. આબરૂને ચાર ચાંદ લાગ્યા. ખોખરા, પાલડી, બાપુનગર વગેરે સ્થળોનાં દવાખાનાએ રહી અંતે મોરબી બદલી કરાવી મોરબી ગયો.

'આ તાર આમ સંધાય, જુઓ મોંઘીબહેન, તેલ આમ પૂરવાનું.' અંબર ચરખો કાંતતાં શીખવી રહ્યો હતો પરશુરામ ફેક્ટરીના કામદારોની ચાલમાં એક માજીને – ધંધે વૈદ્ય પણ લોહીમાં વણાઈ બેઠેલી લોકભારતીની છેલ્લા માણસને મદદની વૃત્તિ બહાર આવ્યા વિના ન રહી. એટલે નોકરી પછી ત્યાં જાઉં. તેમના ચૂલા જોઉં – નિર્ધૂમચૂલા બનાવવાની રીત સમજાવું. તેમની બેકારીનો ખ્યાલ આવતાં લાલભાઈ દ્વારા થોડા અંબર ચાલુ કરાવ્યા અને તે શીખવવા રાત્રે જવા લાગ્યો. આમ વૈદ્યજીવનમાં પણ લોકભારતીમાં મેળવેલ સંસ્કારો વિકસતા રહ્યા.

લોકભારતીનું અધ્યાપન ભણતર પણ નકામું નહોતું ગયું. અમદાવાદ હતો ત્યારે અખંડાનંદ કૉલેજ; તો મોરબીમાં ટંકારાનું દયાનંદ આયુર્વેદિક વિદ્યાલય અને ભાવનગર ગયો તો ત્યાં પણ આયુર્વેદિક કૉલેજમાં માનદ્ અધ્યાપક તરીકે સેવા આપતો.

મોરબીથી ધ્રાંગધ્રા બદલાતાં અગાઉ એક માસની રજા લઈ ઘેર ગયો. ગામના દવાખાનામાં ફર્નિચર નહોતું. પેલા યુવકમંડળને પુન: જાગૃત કરી 'પનારે પડ્યા' નાટક ભજવ્યું. ૧૦૦૦ રૂપિયા જેવો ફાળો કર્યો અને તેનું ફર્નિચર વસાવી ગામનું એક સારું કામ કર્યાનો સંતોષ અનુભવી રહ્યો.

એવામાં સરકારે સૌને વતનનો લાભ આપવા પોતાના જિલ્લામાં બદલી દીધા. મને કલોલ દવાખાનામાં બદલ્યો. ત્યાં પણ અધ્યાપનકાર્ય ચાલુ રાખ્યું. ત્યાંથી ૪૨ કિલોમિટર દૂર લોદ્રા આયુર્વેદ વિદ્યાલયમાં પેટ્રોલખર્ચ લઈ ભણાવવા જતો. ભણાવવાની મારી સફળ પદ્ધતિની દેગણીનો યશ લોકભારતીને જાય છે.

## પછાત પ્રદેશમાં પાછો

મારા બાપુજી દયાશંકરકાકા, બા નર્મદાબહેન. તેઓ સમી તાલુકાના ફત્તેપુર ગામે ૨૫ એકર જમીન ઉપર ખેતી કરે-કરાવે. ફત્તેપુરમાં ૬૦ ઘર ઠાકોરોનાં. અમારી જમીન ત્યાંથી એક કિલોમિટર દૂર, ત્યાં બોરિંગ કરાવેલ એટલે બધાં ફરતાં ફરતાં ગામડાંના લોકો આ ખેતરને 'સાહેબનું બોરિંગ' તે નામે ઓળખે.

ફરતો વગડો, વચ્ચે એક માત્ર અમારું જ ઘર. સાપ-વીંછી તો સામાન્ય. પણ ચોરડાકુનીય બીક.

'લો ભાઈ, રોટલો-શાક ખાઓ, અમારો આશરા-ધર્મ બજાવીએ છીએ.' બા સૌને, વગડામાં આવેલાંને ખવડાવે-પિવડાવે ને બાપુજી...આ વિસ્તારના જૂના મામલતદાર-રાધનપુર સ્ટેટ વખતના સાહેબ, હવે આ ફાર્મના ખેડૂત બન્યા છે પણ હજુ સૌ સાહેબના નામથી જ બોલાવે છે.

'સાહેબ, મારા દીકરાનાં લગ્ન આવ્યાં છે, એકેય પૈસો નથી.'

'ભીખા, ચિંતા કરીશ નહીં, ક્યારે જાન જોડવાની છે ?'

'સાત વદનાં છે, સાહેબ.'

'કેટલા જોઈએ ?'

'૧૨૦૦ રૂપિયા.'

'સારું, લઈ જજે.' એક દિવસ તો હું હાજર. વિચાર કરી પૂછયું, 'બાપુજી તમારી પાસે ક્યાં પૈસા છે તે તેને દેશો ?'

'ભાઈ ધનોરાથી લઈ આવીશ. સિઝનમાં આપી દેશે. નહીં તો માલ કરી લઈશું. પણ તેનું કામ તો કરવું જ જોઈએ ને ?'

એક વખત કલોલથી આવ્યો ત્યારે બાપુજી જોડે વીશ-પચ્ચીશ માણસો બેઠેલા. સૌ વિચાર કરે કે, આ બાજુમાં તાંતરેશ્વર મહાદેવ છે ત્યાં પાણીની વ્યવસ્થા કરવી છે તો શું કરીશું ?

આમ ખેતી કરતાં કરતાં લોકો સાથે સ્નેહભર્યો સંબંધ તેમણે રાખ્યો, તેમના પ્રશ્નો ઉકેલવામાં પડખે રહ્યા ને રોટલો મારાં બાનો વખણાયો. તે વારસો મળ્યો-મેળવ્યો અને લોકભારતીએ જ્ઞાનપૂર્ણ દૃષ્ટિ દીધી.

દર રવિવારે આ બોરિંગે જઈ ને કલોલ આવું. ઘરમાં પગ મૂકું ત્યારે એ ધૂળવાળા પગની ધૂળ આ ડૉક્ટરના ઘરમાં ખરાબ લાગે. શ્રીમતીજી ઠપકો દે ‘આ ફત્તેપુરની ધૂળ અહીં ક્યાં લઈ આવ્યા ?’ અને પોતું લઈ ઘસી નાખે. શું ખબર હતી કે એ જ ધૂળમાં અમારે આળોટવું પડશે !’

‘પ્રફુલ્લા ! મારાથી ચલાતું નથી. મને કંઈક થઈ રહ્યું છે. અરે ! ચક્કર આવે છે’ આમ મારાં પત્નીને કહેતાં કહેતાં જ, કલોલમાં ચાર રસ્તા પર હું બેહોશ થઈ ગયો. રિક્ષામાં નાખી ઘેર-દવાખાને લાવ્યા. બંધ આંખો સામે ફરતાં ચકરડાં દેખાય છે. તેમાં એક ચકરડું પ્રકાશયુક્ત. આવું મેં તે વખતે જોયેલું.

વળી સહેજ ભાન આવતાં જોયું તો બે ડૉક્ટરો મને કંઈક સારવાર આપી રહ્યા છે, ‘બ્લડપ્રેશર’ મપાઈ રહ્યું છે. ઇંજેક્શન ભરાય છે, ને હું બોલ્યો,

‘ના, ના, સાહેબ, મને હવે કંઈ જ નથી. મને ઇંજેક્શન ન આપશો.’

‘અરે વૈદ્યરાજ, આ તો હાર્ટએટેક જેવું છે, ઇંજેક્શન લઈ લ્યો, સારું થઈ જશે.’

‘ના સાહેબ, ના. આતો સહેજ ચક્કર આવી ગયાં. ઇંજેક્શન રહેવા દો.’ ન લીધું તે ન જ લીધું. નબળાઈ ખૂબ આવી ગઈ. કુમુદભાઈને તાર કર્યો. આવી ગયા એટલે ફરી નિદાન કરાવ્યું. બધું જ નોર્મલ. પણ ડૉ. નાયકે મને સૂચના આપી દીધી : ‘તમે હવે ઘી, ચીકણા પદાર્થો ન ખાશો.. આમાંથી હૃદયને ધક્કો લાગી જાય. બીજા-ત્રીજા એટેકે તો ખલાસ થઈ જવાય. નાયકસાહેબ તો કહેતા કહી ગયા પણ હું તો મોતથી ડરી ગયો. અને મોતના વિચારને ચકરાવે ચડ્યો. સ્નેહીઓ ઘરે ગયા પણ મારું મન ચક્કરથી ન છૂટ્યું.

મને કોણે બેભાન કર્યો તે હું વિચારતો જ રહ્યો. 'બધું જ નોર્મલ, સાવ સાજોતાજો, હું બેભાન કેમ બન્યો ?' વળી, હવે મરવાનું જ છે તો શું કરું ? લાવ, ઘરે જતો રહું ? ખેતી કરીશ, અને જે કંઈ કરી શકું તે અન્ય માટે કરતો જઈશ.' એમ પણ વિચારધારા ચાલી.

'મને એમ થાય છે કે ઘેર જતાં રહીએ. નોકરી છોડી દઉં. તારો શું મત છે ?' મારાં પત્નીને પૂછયું.

તમારી ઇચ્છા એ મારી ઇચ્છા.' ડૉક્ટરપત્નીએ જવાબ આપ્યો. ભાવનગરમાં થોડુંક વૈદક શીખવી રજિસ્ટ્રેશન મેળવેલું અને કલોલ બાજુના પિયજ ગામે રોજ પ્રેક્ટિસ માટે જતી અને હવે તો વામજમાં પણ દવાખાનું શરૂ કરેલું.

આમ મારી નિરાંતની નોકરી અને તેની પ્રેક્ટિસ છોડી ગામડે ખેતી કરવા જવાનું શેં મન થાય ? પણ અંદરનો ધક્કો શું ન કરે ? આ બેભાન થવું જાણે મને ભાનમાં લાવવાનો ધક્કો હતો. કોણે માર્યો ???

'હું તો ગામડાનો, ગામડા માટેનું શિક્ષણ ગામડાની વિદ્યાપીઠમાં જ લીધું ને શહેરમાં ૧૦ વર્ષ શાંતિથી કાઢયાં.. હવે નહીં. લાવ ઘરે જતો રહું. હું ખેતી કરીશ અને તે દવાખાનું ચલાવશે. રોજી જોગું મળી રહેશે. વળી બાપુજીની અવસ્થા થઈ છે. કોઈકે તો મિલકત સંભાળવી જ પડશેને ? ભાઈ ? ભાઈ તો લોકભારતીમાં બેઠા છે. હવે એ અમારા જ નથી એટલે મારે જ હવે ઘરની જવાબદારી સંભાળવી પડશે રહી. તે મારી ફરજ છે' આવા અનેક તર્કવિતર્ક કરી ગામડે જ રહેવા જવું તેવો નિર્ણય કર્યો. પણ ફત્તેપુર પહોંચતાં પહેલાં ખૂબ ચર્ચા, વિચાર-વિમર્શમાંથી પસાર થવું પડ્યું.

મોટાભાઈએ આ કાયમી-નિશ્ચિત આજીવિકા છોડી અનિશ્ચિતતામાં ઝંપલાવવા ના પાડી, ત્યારે મેં તેમને ઉદ્દેશી એક કાવ્ય લખ્યું :

## શ્રાપ કે આશીર્વાદ ?

નોકરી નિશ્ચિત છે ને, ના કશીય છે બલા
પગાર પણ છે પૂરતો, રહી શી ફિકર ભલા ?
શિરછત્ર પર પંખો છે ને ચૅર પણ ફરતી મળી
ટેબલ ટ્રે ને ટોકરી, બસ વાત મજાની ભળી.
ગામડે બાપુ રહે, ખેતી તે કરતા રહે,
રાત-દી' જુવે નહીં, ખંતથી મંડ્યા રહે.
મનેય ક્યારેક એમ થાતું ગામડે જતો રહું,
ધરતીની એ ધૂળનો આનંદ હું લૂંટતો રહું.
પત્ની પાડે ના, જાવું નથી કંઈ ગામડે
ખેતીમાં પડવું નથી, શું ભર્યું છે ગામડે ?
ભાઈ પણ કહેતા રહે, ના છોડવી નોકરી ભલા,
હાથે કરી વહોરીશ ના, ઉપાધિ અન્ય કૈં ભલા.
હું રહું વિચારતો, શું કરું, શું ના કરું ?
શાન્તિ મારી એકની કે દેશની માટે ધરું ?
જયજવાન જયકિસાન શબ્દો શાસ્ત્રીજી ઉચ્ચારતા
કેટલા યુવાન એવા વિચારો ઉર ધારતા ?
થાવું છે સૌને સુખી, કોઈને કરવા નથી,
મારું હું જોયા કરું, અન્યની પરવા નથી.
વિચારશે સૌ આમ તો દેશ મુકાશે પૂળે,
ગાંધી દીધેલું સ્વરાજ આ એક દી' મળશે ધૂળે.

છેવટે ભાઈએ મંજૂરી આપી. પરિણામે આજે એ ગ્રામસેવાનાં કાર્યો કરતી સંસ્થાની સારી અસરો અહીં જુએ છે ત્યારે ખૂબ ખૂબ રાજી થાય છે અને હૂંફ આપે છે.

આમ ગામડાનો ચંદ્રકાન્ત શહેરને કાયમની અલવિદા કરી જ્યાંથી ૧૮ વર્ષ પહેલાં નીકળેલો તે જ બોરિંગે નાનકડા ફત્તેપુરમાં જઈને બેઠો.

## ફળ વીણવા મંડ્યો

સાત ગામડાં વચ્ચે આવેલા ટેકરા પરના મહાદેવની ગોદમાં બરાબર રૂપેણને કાંઠે આવેલી અમારી પચ્ચીસ એકર જમીન; ત્યાં જ રહેવાનું, પણ નાની ઓરડી એટલે એક સાંઠીનો મહેલ બનાવી; વસવાટ કર્યો. પણ એ કૂબામાં પણ પૂરો સામાન ન સમાય એટલે થોડો બહાર પડ્યો રહે. બહાર એક ઓટલો, મારાં પત્ની ત્યાં દર્દીને તપાસે, પાટા-પિંડી કરે, અને હું ખેતરમાં ફરું,કામ કરું.

એક રાત્રે. ‘જુઓ ને ! પેલું કંતાનમાં ઉપર શું સળવળે છે ?’ સૂતાં સૂતાં જ તેના કહેવાથી ઉપર નજર કરી. ‘ઉંદર આંટા મારે છે’, કહી વાત ટૂંકાવી. કૂબાનું કચરું રસોડામાં ન પડે માટે બાએ ઉપર કંતાનની છત બાંધેલી તેની આ વાત.

સવારના બહાર સળવળાટ થતાં જોયું તો નાગ જતો હતો. ત્યારે જ ખાતરી થઈ કે અમે નીચે ને  ઉપર છતમાં એ ઉંદરમામા નહીં પણ નાગ જ સળવળી રહ્યો હતો. પણ મારનાર કરતાં તારનાર મોટો છે તેની ખાતરી ભગવાને મને કરાવવી હશે ને ! આવો હતો વગડાનો એ વાસ !

‘આમનું નામ વજાભાઈ, આ લખમણજી, આ ટુવડના કલાભાઈ અને અર્જુનભાઈ, આ ફત્તેપુરના જોહાભાઈ અને આ મેરાના બિસ્મિલ્લાખાન બાપુ અને નસિબખાન. આ ગોસાણાથી ગૌરીદાસ અને મણાજી અને આ માનવાડાથી જમનાદાસભાઈ. આ બધા જ આપણાં કામ કરે તેવા સ્નેહીઓ છે. તું કંઈક સંસ્થા શરૂ કરવાની વાત કરે છે તો તેમને બધાંને સમજાવ તો તેઓને પણ કંઈક સમજણ પડે અને તારા કામમાં તે બધા ઉપયોગી થાય.’ આમ બાપુજીએ સૌનો પરિચય કરાવ્યો.

બેચરાજીથી હટાણું કરીને એક દી’આવતો હતો ત્યાં રસ્તામાં બેચાર છોકરાઓ ખભે દફતર ભરાવેલું ને સામા મળ્યા.

‘ક્યાં જાઓ છો ?’

‘બેચરાજી.’

‘કેમ ?’

'ભણવા.'

'શેમાં ભણો છો ?' મેં પૂછયું.

'હું છઠ્ઠામાં અને આ સાતમામાં.'

હું તો વાતે વળ્યો. 'અહીં છઠ્ઠું-સાતમું નથી ?'

'ના રે ના ! નહીં તો ચાલતાં જઈએ જ શું કામ ?'

છૂટા પડ્યા, પણ 'નારે ના ! નહીં તો ચાલતા જઈએ જ શું કામ ?' વાક્ય કાનમાં-મનમાં ગુંજવા લાગ્યું.

'અહીં છઠ્ઠું-સાતમું શરૂ કરી દઉં તો ?' આ વિચાર લોકભારતીનું શિક્ષણ ન લીધું હોત તો ક્યાંથી આવત ? દુખિયાં બાળકોનું ચાલવાનું ટળી જાય માટે છઠ્ઠું-સાતમું શરૂ કરવું છે તેવી વાત મેં બાપુજીને કરેલી એટલે તો મને આ બધા મિત્રોનો પરિચય કરાવ્યો.

વળી નજીકના ગામના શિક્ષકો પણ, હું નવો-સવો એટલે બેસવા આવતા. તેમાંના કેટલાક સાહિત્યરસિક પણ ખરા ! મારી યોજનાઓમાં તેમને રસ પડ્યો અને અમારું એક મંડળ જેવું બની ગયું.

બીજી બાજુ પેલાં બાર કિલોમિટર ચાલતાં બાળકોએ મારી ઊંઘ હરામ કરી. બસ ! મારે તો અહીં છઠ્ઠું-સાતમું શરૂ કરવું જ છે – કેમ કરું ? શું કરું ?

કંઈ ગતાગમ નહીં; ત્યાં સાગોડિયા સંસ્થા ચલાવતા હતા તે મારા મિત્ર બચુભાઈ દવે યાદ આવ્યા. તે હવે ત્યાંથી ગ્રામભારતી આવેલા-લોકભારતી અધ્યાપન મંદિરના સહાધ્યાયી. લાવ તેમને મળું – તેમણે સંસ્થા ચલાવી છે – તે કંઈક મદદરૂપ થશે.

વળી ખેતી કરતો તોય અધ્યાપનકાર્ય છોડેલું નહીં – લોદ્રા અઠવાડિયે એક દિવસ વર્ગ લેવા જતો – ત્યાંથી સીધો ગ્રામભારતી ગયો.

'લીલાબહેન, તમે અહીં સુખેથી રહો છો તેની મને ઈર્ષા આવે છે. તમે ઝૂપડા ભેગાં થાઓ તે વિચારે આવ્યો છું', જમતાં જમતાં જ બચુભાઈનાં પત્નીને વાત કરી બેઠો.

'તે એમાં શું ? અમને તો ઝૂંપડામાંય આનંદ જ આવશે. બાવાનાં બધાંય બાવા જેવાં જ હોય ને !' તે સાંભળી અંતરમાં તેમના સામે મસ્તક નમી રહ્યું.

'પણ છે શું એ તો કહો ચંદ્રકાન્તભાઈ ?' બચુભાઈએ જમીને સાંજે રોડ પર ફરવા જતાં પૂછયું. 'તમે કેમ લીલાને ઝૂંપડે લઈ જવાની વાત કરતા હતા ?'

'બચુભાઈ, વાત એમ છે કે...તમે જાણતા હશો કે, હું રાજીનામું આપી ફત્તેપુર ગયો છું અને હવે ત્યાં જંગલમાં મારે પાંચથી સાત ધોરણની શાળા ઊભી કરવી છે. તમને લઈ જવાનો મારો હક્ક છે એટલે લીલાબહેનને એમ કહેતો હતો.'

'નક્કી કર્યું છે ?'

'હા, નક્કી જ છે, બોલો તમે શું કહો છો ?'

'તમે કહો અને હું ના પાડું ? આવીશ જ – પણ આપણે શાંતિભાઈને મળવા જઈ આવીએ. તેઓ પણ ઉપયોગી થશે.'

'શાંતિભાઈ ક્યાં છે ?'

'અહીં રણશીપુરમાં'. ત્યાં ગયા પણ શાંતિભાઈ ન મળતાં બીજે રવિવારે શાંતિભાઈ સાથે ફત્તેપુર આવવાનું બચુભાઈ સાથે નક્કી કરી છૂટા પડ્યા.

ખળખળ વહેતી રૂપેણને કાંઠે કાંઠે તે બંને મિત્રોની સાથે તાંતરેશ્વરની પાળ પર ચડી ફરતાં આઠ ગામ બતાવતાં કહ્યું :

'જુઓ ! અહીં સંસ્થા કરવી છે.'

સૌને એ જગ્યા ગમી.

## સંસ્થાની સ્થાપના

'તો આઠમાની મંજૂરી પણ માગી જ લઈએ.' મારી કલ્પના બહારની વાત શાંતિભાઈએ કરી. હું તો જોઈ જ રહ્યો. તેમણે કહ્યું, 'ચંદ્રકાન્તભાઈ, આઠમું શરૂ કરીએ જ. મકાન માટેની વ્યવસ્થા કરો; બીજી ચિંતા મારા માથે.'

પછી તો ટ્રસ્ટ અને ટ્રસ્ટીઓ અંગે વિચારવા માંડ્યા. બાજુના ગામ મેરાના મંત્રી નસીબખાને અમને સૌને જમવા બોલાવ્યા. ત્યાં પણ આ જ ધૂન, 'ટ્રસ્ટ રચીએ'. તેની જવાબદારી નાખી શાંતિભાઈ-બચુભાઈ પર અને હું કેવું મકાન કરવું તે વિચારવા લાગ્યો.

નોકરીની થોડીક મૂડી હતી, પણ તે તો બાપુજીની માંદગીમાં ખર્ચી બેઠેલો. ને સંસ્થાની કલ્પનામાં રાચવા મંડ્યો – નર્યું ગાંડપણ ! મારે પાંચથી આઠ ધોરણો શરૂ કરવા પાંચેક હજાર રૂપિયા તો જોઈએ જ.

બધા મિત્રોને વાત કરી. 'શું કરું ?' એક શિક્ષક મિત્રે કહ્યું, 'ચાલો નાટક કરી ફાળો કરીએ.' સૌને ગમી ગયું ને મેં નાટકેય લખી નાખ્યું. 'ગાંડાં તો થયાં જાણી જાણી' ગાંડા થયા વિના તો કોઈ મોટું કામ થતું જ નથી. પૂ. મનુભાઈનું 'ઝેર તો પીધાં જાણી જાણી'ના શબ્દો ચોરી લીધા. મિત્રોનું કલામંડળ સ્થાપી મંડ્યા નાટક ભજવવા. સંસ્થાની ખરી શરૂઆત થઈ ગઈ. ખભે બે વાંસ, હાથમાં પેટ્રોમેક્ષ-રાત્રે નાટક ભજવી સવારે ફત્તેપુર. ત્યારે મનખો વિચારવા માંડતો : કેવું ગાંડપણ છે ! ઓ ડૉક્ટર, તારા હાલ તો જો ! રાતના ઉજાગરા, બાપુજીની ભારે માંદગી અને તારા હાથમાં બત્તી અને ખભે વાંસડા ! વાહ ડૉક્ટર વાહ ! પણ એ ગામડાંઓએ ૪૦૦૦ રૂપિયા અને ૨૦ વીઘા જમીન કરી દીધાં.

શાંતિભાઈ અને બચુભાઈ ટ્રસ્ટરચના અને મંજૂરી માટે લાગી પડ્યા. હું ફાળો અને જમીન માટે ફરવા માંડ્યો. ત્યારે લોકભારતીના જ કુળના વસાભાઈ દેસાઈ બાજુના ગામે કામ કરતા. તેમણે કહ્યું, 'કાકા તમે અહીં બેસો છો તો હું પણ આવું. આમ અમે શરૂ કરેલ લોકયજ્ઞમાં સમિધરૂપે લોકભારતીવૃંદ એકત્ર થઈ કટિબદ્ધ થયું.

## લોકોની વકીલાત – દુષ્કાળ પાર કર્યો

'**ॐ स्वस्तिन इन्द्रो**'ના ઘોષ સાથે ભાલે કંકુ-ચોખા લગાવાઈ રહ્યાં છે – ગુલાલ ઊડે છે. દજિયો ઢોલ પર દાંડી પીટી રહ્યો છે. આજે ગામડાની વકીલાત કરવા, તેમનો અવાજ રજૂ કરવા – વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવા ગ્રામસેવા મંડળના પ્રથમ કાર્યનો પાયો ફત્તેપુરમાં આજુબાજુનાં ગામોની ખુશખુશાલ ગ્રામજનતાની હાજરીમાં નંખાઈ રહ્યો છે – વસાભાઈ સૌને ગોળ-ધાણા વહેંચે છે. માદાં માદાં બાપુજીનું હૃદય પણ પુલકિત થઈ રહ્યું છે. સૌ ચાપણી પી વેરાઈ રહ્યાં છે અને હું...હું કામની ચિંતામાં ડૂબ્યો છું.

સાંજે કુમુદભાઈ અને અમે બેઠા. ટ્રસ્ટના બંધારણની ચર્ચા થઈ. સંસ્થાનું નામ વિચારતા હતા ત્યારે 'આવાં ઘણાં કેન્દ્રો સ્થાપશું ત્યારે લોકભારતીનું ઋણ અદા થશે. કેમ ચંદ્રકાન્ત બરાબર ને ?' મને ભાઈએ પૂછયું. મારી નજર તો બાજુના થોરના મૂળમાં હતી. આ બધી ચર્ચા વચ્ચે હું તો ડંડીકો લઈને સાપ-વીંછી ન નીકળે તેનું ધ્યાન રાખીને બેઠેલો તેથી 'હા' કે 'ના' કશું ન કહી શક્યો પણ વગડા વચ્ચે ગ્રામસેવાનાં સ્વપ્નાં આમ સેવાણાં અને સાકાર બનવાં શરૂ થયાં.

મકાન-ઝૂપડાં-કૂબા બાંધ્યાં હાથોહાથ, ટાંચાં સાધનો-નાણાં વિના શું થાય ? તેની દોડાદોડીમાં જ સમય ક્યાં જાય તેની ખબરેય ન પડે.

'ભૈ, મારી પાસે બેસ, નહીં તો ઓરતા રહી જશે.' તે ગળાડૂબ કામ વખતે બાપુજીએ કહ્યું.

'બાપુજી, હવે તો આ બધું પૂરું જ થવામાં છે. પછી તમારી પાસે જ બેસીશ ને ?' અને જૂનની ૧૩મી તારીખ આવી – નિશાળનો ઘંટ વાગ્યો. ટણણણ.

'જુઓ બાપુજી ! આપણી સંસ્થા શરૂ થઈ. ઘંટ સાંભળ્યો ?'

'હા, ભાઈ, બહુ સારું થયું.' કુદરત જાણતી'તી કે હવે બાપુજીને ક્યાં ઘંટ સાંભળવાનો હતો ! એ જ માસના અંતમાં તેઓ તો સૌને અલવિદા કરી મોટા ગામતરે ચાલતા થયા.

બાપુજીનું મોટું ગામતરું, ખેતીની જવાબદારી, દેવાની જવાબદારી, સંસ્થાની શરૂઆત અને ત્યાં તો ભયંકર દુષ્કાળ પડ્યો – ક્યાંય કશું પાક્યું નહીં. મારી જવાબદારીએ આજુબાજુથી અસહ્ય વ્યાજે અનાજ લાવી ફત્તેપુરના ઠાકોર ખેડૂતોને આપવાનો પ્રયત્ન શરૂ કર્યો પણ કેટલે પહોંચાય ? દુષ્કાળનાઓળા તો ફેલાયે જતા હતા. ઢોર મરતાં હતાં – માણસોને પણ ખાવાનાં સાંસાં હતાં.

'બબ્બે દિવસના લાંઘા થયા છે ભૈ, સમુબહેન ઠાકોરે પોતાનાં બે છોકરાં બતાવતાં આશાભરી નજર મારા તરફ નાખી.'

'બેન ! મારી પાસે તો કંઈ નથી.'

'ભૈસાબ, બે દી' તો કાંકરા વઘારીને ખવરાવ્યા-હવે નથી ખાતાં. કહે છે, પેટમાં દુ:ખે છે.'

બાળકોની એ ઊંડી ગયેલી શુષ્ક આંખોએ – મારી આંખોમાં પાણી વહેવડાવ્યાં. 'જા બેન, ઘેર જા, હું કંઈક કરું છું.'

તે બહેન તો ઘરે ગઈ, હું ક્યાં જાઉં ? ત્યાં બાએ શાક માટે પૈસા માગ્યા – ને હું બાને બોલી ગયો – 'પૈસા નથી. આ લીલાં મરચાં છે તે ખાઈ દી કાઢો –'

પ્રફુલ્લાને કહ્યું, 'મારાં એક જોડ કપડાં આપો – હું ક્યાંકથી અનાજ લઈ આવું.'

'પણ પૈસા વિના ?'

'હા, પૈસા નથી તેથી શું થઈ ગયું ? ભીખ માગીશ. મારાથી આ જોયું જતું નથી. જેમની પાસે છે તેમને કહીશ કે નથી તેને કંઈક તો આપો.'

'અનાજ મળે એટલે તરત પાછો ફરીશ.' એમ કહીને ચાલ્યો મેરાના બસ સ્ટેન્ડે. રસ્તામાં જ જાણે ભગવાન મળ્યા. મોટાભાઈ ચાલ્યા આવે – તેમણે પૂછયું, 'ક્યાં જાય છે ?'

'ભૈ, લોકો ભૂખ્યાં છે, અનાજ વગર પાછો નહીં ફરું એમ નક્કી કરીને નીકળ્યો છું.'

ભાઈએ સમજાવ્યો. ખાતરી આપી, 'અનાજ મળી રહેશે. અત્યારે તો ઘરે ચાલ.'

બંને ભાઈ પછી અમદાવાદ પહોંચ્યા વેપારી મંડળ પાસે.

'જો ચંદ્રકાન્ત ! તું લોકો વતી જઈ રહ્યો છે, લોકોનો વકીલ બની અપીલ કરવા જાય છે. ધીરજ ધરજે. હીરાલાલભાઈ જરા ગુસ્સાવાળા છે. શાંતિ રાખજે.'

'આવા તો કેટલાય ચાલ્યા આવે છે, અમારે કેટલું કરવું ?' હીરાલાલભાઈએ અરજી વાંચતાં કહ્યું.

'સાહેબ, બહુ તકલીફ છે.'

'એ તો અમેય જાણીએ છીએ.'

'પણ મારે તો ૭૦ મણ અનાજ જ જોઈએ છે.' મેં વકીલાત ન છોડી.

'હા, પણ તેમાં હું શું કરું ? અમે કામ આટોપી લીધું છે.'

'આપો સાહેબ, હું બરાબર વહીવટ કરીશ.'

'લ્યો, લઈ જાવ.' ગુસ્સે થઈ કાગળમાં મને લખીને દીધું – ના, મારા તરફ ફેંક્યુ. મેં જોયું તો ૭૦ મણને બદલે ૭૦૦ મણ લખેલું.

'સાહેબ, તમારી ભૂલ થઈ, આમાં તો ૭૦૦ મણ લખાયું છે.'

'ભૂલ નથી થઈ. ૭૦ મણ કેટલા દી' ? ૭૦૦ મણ લઈ જા, બરાબર હિસાબ રાખજે. 'કેવી કઠોર કૃપા ! લોકોની વકીલાત કરતાં વળી ઇશ્વરદર્શન થયાં.'

'મહારાજ, અનાજ તો મળ્યું. ઘણું મળ્યું પણ લઈ જવા ભાડું નથી.' રવિશંકરદાદા આગળ આજીજી કરી. કુમુદભાઈએ મારા કામનો પરિચય આપ્યો. દાદાએ આગલા દુકાળમાં સમી તાલુકામાં કામ કરેલું. આંખમાં આંખ પરોવી તરત ચિઠ્ઠી લખી પ્રભુદાસભાઈને મળવા કહ્યું.

આમ ટ્રકભાડું મેળવી ટ્રક ભરી ફત્તેપુર આવ્યો. જો હું લોકભારતીમાં ન ભણ્યો હોત તો તો અનાજ-કાર્ડ કરી પાવતી લઈ વહેંચી આપતઃ પણ તેમ ન કર્યું.

કાર્યકર્તાઓની મિટિંગ કરી. 'સીધું આપશું તો લોકોને મફતિયું ખાવાની ટેવ પડશે. અને તો વળી કેટલાક માગવા આવતાં ક્ષોભ અનુભવશે. શું કરવું ?'

'જે અનાજ મેળવે તે શ્રમ કરે' તેમ ઠરાવ્યું અને લોકોને અપીલ કરી. મેળવેલ અન્ન, લોકોને જાહેર સફાઈ-શ્રમ કરાવીને વહેંચ્યું અને દુષ્કાળ પાર ઉતાર્યો.

## રૂપેણની રેલે ફત્તેપુર તાણ્યું

સંસ્થાને બીજું વર્ષ બેઠું. કૂબામાં રહેતાં. અમ સૌ માટે સહુને લાગણી થઈ. અમારા ટ્રસ્ટીઓ મોતીભાઈ, ડૉ. જોષી પણ ક્યારેક બોલી ઊઠે : 'આ તો લોકભારતી વેઠેલી છે, એટલે આમ રહી શકે.'

મધ્યવર્તી પ્રાથમિકશાળાના કનુભાઈ-કાન્તિભાઈ પણ અમારી ચિન્તા કરે :

'તમે આમ કૂબામાં રહો તે નથી ગમતું. કામ કરતાં કરતાં કાગળિયાંય ઊડી જાય છે.'

'એ તો ઠીક, કાલે તો વસાભાઈના રોટલા જ કૂતરું ઉપાડી ગયું.' મેં કહ્યું, 'પણ શું કરવું ? નાણાં નથી એટલે આમ જ ચલાવવું રહ્યું.' મેં પરિસ્થિતિ સ્પષ્ટ કરી.

શિક્ષકોએ કહ્યું, 'એ માટે અમે મહેનત કરીએ. લોકોને કહેશું. અને સૌએ ભેગા થઈ પેલી જૂની વાર્તા મુજબ –

'ગોળ કેરી ભીંતરડી, શેરડી કેરા સાંઠા,

કાચલીએ ઘર છાંયાં, બચ્ચાં કમાડ ઉઘાડો.'ની જેમ –

કોઈએ રાડાં આપ્યાં તો કોઈએ નળિયાં. કોઈકે શ્રમ. સંસ્થા માટે સાધનદાન લેવા ગયા તો ગામડે ગામડેથી કોદાળી, પાવડા, દાતરડાં પણ આપ્યાં. અરે ! એક કાંગસી વેચનારીએ તો કાંગસી અને સોયો પણ આપેલી. આમ સંસ્થા સાધનસંપન્ન થઈ, માટીનાં મકાનોમાં શરૂ થઈ. કાર્યકરો પણ મકાનમાં રહેતા થયા.

દુષ્કાળ વળોટી, સ્વસ્થ થઈ મેં પણ જમીન તૈયાર કરી. વર્ષાની રાહ જોઈને બેઠો. સરસ વરસાદ થયો. પાક લહેરાવા લાગ્યો.

'મહેસાણા જિલ્લામાં તેર કલાકમાં ૨૫ ઈંચ વરસાદ. નદીઓમાં ભારે પૂર, રૂપેણ ગાંડીતૂર,કેટલાંક ગામોનો સંપર્ક થઈ શક્યો નહીં.'

તબિયત નાદુરસ્ત એટલે લોકભારતી મોટાભાઈને ત્યાં આરામ કરવા આવેલો. હજી બે દી' નહોતા થયા ત્યાં સાંજે રેડિયોએ ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા.

ફત્તેપુર તો નદીકાંઠે, તેમાં સંસ્થા તો સાવ કાંઠા પર. શાની બચી જ હોય ? બા-બાળકો-ઘર, ઢોર-શું થયું હશે ? કાર્યકરોને તો અગાઉના નાના પૂર વખતે જ મેરા મોકલી દીધેલા. એટલે એટલી ચિંતા ઓછી હતી. મન તો ફત્તેપુર દોડવા લાગ્યું. રાત તો માંડ વિતાવી. કુમુદભાઈ સાથે ઊપડ્યા ફત્તેપુર.

'ચંદ્રકાન્તભાઈ, તમે-કુમુદભાઈ જઈ શકશો. ભાભી નહીં જઈ શકે.' પૂરસેવા શરૂ કરનારા ભગુભાઈ, દશરથભાઈએ જણાવ્યું.

અમને થોડે સુધી જીપ મૂકી ગઈ. પછી કાદવ ખૂંદતાં ફત્તેપુર પહોંચ્યા ત્યાં તો લોકો વીંટળાઈ વળ્યાં.

'સાહેબ અમારું બધું સાફ થઈ ગયું. હવે શું થાશે ?' એક વૃદ્ધે રડતાં રડતાં કહ્યું.

છાતી સરખી બીડી. 'કોઈ ચિંતા કરશો નહીં સવાભાઈ, બધું સારું થઈ રહેશે.' જ્યાં નજર કરો ત્યાં જળની એ તાંડવલીલા-ધરાશાહી મકાનો, માલસામાન ખલાસ, કપડાં, ગોદડાં કાદવમાં દટાએલાં. એક બહાદુર બાળા 'ઝેબર' કેટલાંકને ઉપયોગી થયેલી તેની વાત જાણી આનંદ થયો. આ બધું જોતાં જોતાં બોરિંગ ભણી ચાલ્યા, સંસ્થાએ ગયા.

રૂપેણનું ખરું તાંડવ અહીં જોયું. જે જમીનને આશરે હું આવેલો તેનો ત્રીજો ભાગ તો રૂપેણ ગળી ગઈ. કરજ કરી રહેવા મકાન બનાવેલું. ગાય-વાછરડી મરી ગઈ. માંદાં બા અને બાળકો ગભરાયેલાં. પણ મને હિંમત આપતાં ઉત્સાહ બતાવે. બે વળીઓ પર કંતાન નાખી રહેતાં હતાં. બધું જોતાંછાતી બેસી જાય. વળી બાને, બાળકોને શ્રી કુંપાજી અને પશાભાઈએ ગળાડૂબ પાણીમાંથી ખેંચી ઊંચાડા સ્થળે પહોંચાડ્યાં તે જાણ તો પછી વાતોમાંથી થઈ. સંસ્થા તરફ વળ્યા, ક્વાર્ટરનું નામનિશાન નહીં. કાટમાળ ક્યાંય વેરાયેલો. કાગળિયાં તણાઈ ગયેલાં. ફર્નિચર દટાયેલું. ભાઈ મને હિંમત આપે, ને હું ખુદ પણ હિંમત કેળવતો ફત્તેપુરના એ નિરાધારોને યાદ કરતો વિચારતો હતો, 'કુદરત, તેં શી કસોટી આદરી છે ? હજી '૭૪નો દુષ્કાળ માંડ કાઢયો ત્યાં '૭૫માં આ કારમું રેલ તાંડવ ?

રાત્રે મિટિંગ મળી. સૌને પૂછયું, 'કહો, આ સ્થળ તો આવું છે. અહીં જ રહેશું કે બીજે જશું ?' સૌએ એકી અવાજે ત્યાં જ રહેવા ઠરાવ્યું અને અમે અમારા ટ્રસ્ટીઓ, છાપાં, મિત્રો દ્વારા મદદ માટે ધા નાખી.

સૌની નજર ફત્તેપુર તરફ વળી. સદ્વિચાર ટ્રસ્ટે ગામ બાંધી દેવાનું માથે લીધું, તો રેડક્રોસે દૂધકેન્દ્ર લીધું. 'અસાગે' બાંધકામની જવાબદારી લીધી. હું આ મુશ્કેલીને વટવા સંઘબળ ઊભું કરવા લાગ્યો. સૌ ભેગાં થયાં. કામ ઉપાડ્યું. શ્રમ કરી મકાનો તૈયાર કર્યાં. સૌએ બધું શ્રમદાન કરીને સ્વીકાર્યું. ગામના મતભેદોને દફનાવ્યા અને સંઘબળ ઊભું કર્યું. નાનીનાની બદીઓ કાઢવાનો પણ આ નિમિત્તે પ્રયત્ન કર્યો.

## પણ આ 'રેલે' મારી કેડ ભાંગી નાખી

માણસ ધૂણે ત્યારે તેને ભાન નથી રહેતું પણ ધૂણતો બંધ થાય ત્યારે તેને ખબર પડે કે સાંધેસાંધો કળતો હોય છે. હુંય ખૂબ ધૂણ્યો. દુષ્કાળ ગયો ત્યાં રેલ આવી. લોકોને અનાજ-કપડાં-મકાન માટે ધૂણ્યો. સંસ્થાને પણ સ્વિસ એઈડ મળતાં મકાનનો પાયો નાખ્યો. શાંતિ થઈ, મારી ધૂન ઊતરી, ઘર ભણી નજર માંડી. 'હાંડલાં કુસ્તી કરે છે.' પત્નીએ કથની કહેવા માંડી. 'કપડાં નથી. છોકરાં માંદાં છે. બાના મોં સામે તો જુઓ !' પણ ત્યાં મહેમાનો આવતાં વળી રોટલા રાંધવા મંડી. પૂછયું, 'ક્યાંથી બાજરી મંગાવી ?'

'શું કરું ? આ રેલરાહતની આવેલી તેમાંથી વાપરવી પડી.'

મારો જીવ કકળી ઊઠ્યો. ભંગારમાંથી ઊભા કરેલા આ મકાન સામે જોતાં વિચારે ચડ્યો. 'શું કરું ? બધું સાફ ! ઘર નહીં, ઘરવખરી નહીં, ડૉક્ટર, વળી પાછો ડૉક્ટર થઈ જા ! અંદરથી પેલો સેતાન બોલ્યો.

'ના, ના એ છેતરવાનું નહીં કરું.'

'શું કરીશ ? છૂટકો નથી, જો તો ખરો, આ તારા પર આધારિતોનું શું ? તેમને માટે કર, કંઈક કર ! આ જોતો નથી ? કુદરતે તને ક્યાં સાથ આપ્યો ? આ સંકટમાં તું જરૂર સૌનો થયો, તારું કોણ થયું ? ઇંજેક્શન શરૂ કરી કમાવા માંડ.'

'ના, ના, હું એ શેતાન નહીં બનું. ભલે કોઈ મદદે ન આવ્યું પણ એ જ લોકભારતીના મનુભાઈ-દલસુખભાઈ, એ સંસ્થાના ચાલુ-ભૂતપૂર્વ કાર્યકરો, વિદ્યાર્થીઓએ જેટલી થાય તેટલી મદદ-લોન આપી જ ને !' છતાં ભાઈને પૂછી બેઠો, 'ભાઈ ! થાય છે, દવાખાનું કરું ?'

ભાઈએ સમજાવ્યું કે જ્યાંથી પાછા વળ્યા તે દિશામાં હવે જોવાનું ન હોય. 'હા, એમ કર, ૩૦૦૦ રૂપિયા પગાર લઈ સંસ્થામાં દવાખાનું ચલાવ.'

મેં ચોખ્ખી ના ભણી દીધી. 'હું પગાર લઉં ? ને તેય સંસ્થામાંથી ?'

## શંખેશ્વર કેન્દ્ર સ્થાપ્યું : આરોગ્ય, ખેતી, ખાદીની પ્રવૃત્તિઓ શરૂ

છેવટે પ્રફુલ્લા સંસ્થામાં નોકરી કરે, હું બહાર કરું અને સંસ્થા ચલાવું તેમ ઠરાવ્યું. મારે આયુર્વેદ વિકાસ મંડળનો આભાર માનવો જોઈએ કે તેમણે પાટણમાં આ વ્યવસ્થા કરી દીધી. વળી લોકોએ મને તાલુકા પંચાયતમાં ચૂંટી મોકલ્યો એટલે મારે પાટણનું દવાખાનું, સંસ્થાનું કામ, લોકોના પ્રતિનિધિ તરીકેનું કામ એ બધાં વચ્ચે બરાબર દોડાદોડી શરૂ થઈ. પણ મેં પાટણથી શંખેશ્વર દવાખાનું થયે ફેરવવાની શરત કરેલી કારણ કે તો જ ફત્તેપુર સાથે શંખેશ્વરની સંસ્થા પણ સચવાય. તેથી વખત જતાં તેમ ગોઠવાયું અને તેથી અનુકૂળતા વધી.

દુષ્કાળ અને રેલરાહતના કાર્યમાં ઘણાનો પરિચય થયો. મૈત્રી અને હૂંફ મળ્યાં, તેમાં શંખેશ્વરના શ્રી ખોડાભાઈ, હનુજી, સેવંતી શેઠ. તેમણે કહ્યું, ‘શંખેશ્વરમાં તમે સંસ્થા કરો. લ્યો, આ જમીનનો ઠરાવ’. એટલે બૂચદાદાના આદેશ મુજબ એક મોટું નહીં અનેક નાનાં કેન્દ્રો કરવાનું સ્વીકારી કામ હાથમાં લીધું. પણ કોણ બેસે ? ત્યારે લોકભારતીનું ફળ દિનેશ ઠાકર યાદ આવ્યો. દેહસંબંધે ભત્રીજો, રાજુપુરામાં કામ કરે. કામમાં આબરૂ કમાયેલો-તે કરી શકે. પણ અહીં ન તરત પગાર મળે, કુટુંબ મોટું પણ થયું કે ભોગ તો કુટુંબનાનો જ લેવાય ને ? તેને મનની વાત કરી.

દિનેશ કહે, ‘કાકા, ત્યાં મારી પત્ની પણ પાર્ટટાઈમ કામ કરે છે. મારું ત્યાં સારું સ્થાન છે.’

‘દિનેશ, એક વર્ષનો ભોગ આપવો રહ્યો, આપણો વિસ્તાર તારો ભોગ માગે છે. બોલ છે તૈયારી ?’

દિનેશે તૈયારી બતાવી અને એક જ વર્ષમાં તંબુ તાણી શંખેશ્વરમાં કામ શરૂ કરી દીધું. હવે તો આ બંને કેન્દ્રો જોવા જવાં પડે. વળી શંખેશ્વર માટે દવાખાનાનું દાન સોમચંદભાઈનું હનુજી દ્વારા લીધેલું-તે પણ પૂરું કરવું રહ્યું. આમ કામનો બોજ વધ્યો. એક વર્ષ ખૂબ ખેંચાવું પડ્યું. તેમાં વળી રેલમાં શરદીમાં આવી ગયેલો મારો મોટો દીકરો કાનના ઓપરેશનમાં ગુમાવ્યો. તે વેળા મનુભાઈ રેલીમાં આવી નવજીવન દેતા ગયા.

રૂની-રણોદ વચ્ચે પાણી ભરાય. કેટલીક જમીન ખારી થઈ. જો કેનાલ થાય તો જમીન ઉપજાઉ બને. સૌએ સંગઠન કરી જિલ્લા પંચાયતને કાગળ લખ્યો અને એક અઠવાડિયામાં નહેરકામ શરૂ થયું. ખેડૂતો ખૂબ ખુશ થયા. વીજળી માગી અને આખા તાલુકાનું વીજળીકરણ થયું. પણ આ બધા વચ્ચે ફરી દુષ્કાળ પડે તો અહીંના લોકોનો આશરો શું ? એ ચિંતા સતાવ્યા કરતી હતી.

એક દિવસ પાટણમાં દવા લેવા ખાદી પહેરેલા ભાઈ આવ્યા. પૂછયું, ‘શું કરો છો ?’ ‘ખાદીકામ કરું છું.’

અંબર અંગે પૂછપરછ કરી અને અંબર મેળવીએ તો રોજી અપાય તેમ લાગ્યું એટલે તેમનું માર્ગદર્શન લઈ બોર્ડમાં અંબર માટે અરજી કરી.

બોર્ડે અરજી પાસ કરી, પણ તે વખતે રૂબરૂ આવેલ રામુભાઈએ કહ્યું, ‘ચંદ્રકાન્તભાઈ, રેંટિયા તો આપું પણ એક શરત, તમે ફત્તેપુર રહી જાતે કામ સંભાળો તો.’

એ શરત સ્વીકારી ફરી પાછો પાટણ છોડી હું ફત્તેપુર આવ્યો. શંખેશ્વર-ફત્તેપુરમાં અંબર શરૂ કર્યા. ત્યાંથી પ્રૌઢ શિક્ષણનાં સો કેન્દ્રો પણ બે વર્ષમાં ચલાવ્યાં. અંબરનું કામ જોઈ રામુભાઈએ ૪૦૦ ચરખા આપ્યા. મુજપુરને કેન્દ્રમાં રાખી ૪૫૦ માણસોને રોજી આપવાનું કામ ઉપાડ્યું. મનુભાઈ પંચોળીને હસ્તે ખાખબડી કેન્દ્રનું ઉદ્ઘાટન ગોઠવ્યું. ઠેર ઠેર તેમને લોકોએ વધાવ્યા. તેમણે મારા કામને જોયું અને આ દ્વારા હું લોકભારતીનું ઋણ અદા કરું છું તે મનોભાવ તેમને ગમ્યો અને તેઓએ નરોત્તમભાઈ ચૌહાણ પાસેથી રૂ. ૨૫૦૦૦નું માતબર દાન અપાવી શંખેશ્વર કેન્દ્રને પાયાની સગવડો પૂરી પાડવામાં ટેકો કર્યો.

## રાજકારણની સમજ

'જનતા પાર્ટી – ઝિન્દાબાદ.'

'મોરારજી – અમર રહો.'

'તમારો કિંમતી મત લોકસેવક શ્રી ચંદ્રકાન્તભાઈને આપો' સમી-હારીજ વિસ્તારનો ૮૦ની વિધાનસભાની ચૂંટણીમાં જનતાપક્ષની ટિકિટ લઈ ઉમેદવાર બન્યો.

મૂળશંકરભાઈ ગ્રામભારતી આવેલા ત્યારે તેમને એક અધ્યાપકે પ્રશ્ન કરેલો :'આપણાથી રાજકારણમાં પડાય ?'

'પડાય નહીં, ઊભા રહેવાય' તેવો જવાબ ભાઈએ આપેલો, ત્યારની ધૂન. આપણે રાજકારણમાં પડાય. મનુભાઈ તો શિક્ષણમંત્રી પણ બનેલા. રાજકારણ અછૂત હોય તો મનુભાઈ શું કામ પડે ? તેથી કેટલાક કાર્યકરોએ ના પાડ્યા છતાં હું ઊભો રહ્યો. છેવટે ચૂંટણીદોર તો કાર્યકર્તાઓએ જ સંભાળેલો.

ગામેગામ ભાષણ આપી મારાં કાર્યો અને ભવિષ્યનું આયોજન જણાવી, મારો રચનાત્મક દૃષ્ટિકોણ સમજાવ્યો-ત્યાં તો એક દિવસ પ્રતિસ્પર્ધી આવ્યા અને મને બેસી જવા સમજાવ્યો. મેં વડીલોને મળવા જણાવ્યું અને વડીલોએ પણ મને ટેકો આપ્યો પણ ઊથલપાથલ શરૂ થઈ ગઈ. પક્ષના ઘણા મિત્રો અપક્ષ થયા. બહુ થોડા રહ્યા. નાણાં વિના લડવાનું હતું. નાતનું બળ તો હતું નહીં. આજના રાજકારણનાં એ બળો વિનાનો હું, મિત્રોની મદદથી પ્રયત્ન કરતો રહ્યો.

જ્ઞાતિથી વિરુદ્ધ જઈ અનેક ધમકી વચ્ચે શંખેશ્વરના સરપંચ ખોડાભાઈ, સિંહની જેમ મારી પડખે રહ્યા. ગિરજાશંકરભાઈ, લહેરચંદભાઈ આપદ્ધર્મ સમજી ઝઝૂમ્યા; તો પાડોશી ઠાકોર-દરબારોએ પણ મને સાથે આપ્યો. પણ તેમનું સંખ્યાબળ કેટલું ? આમ હાર વચ્ચે પણ મને સમજનાર નાનકડો સમુદાય મળ્યો.

જીત જીરવવી સહેલી પણ હાર પચાવવી અઘરી છે. પણ મને કુદરતના ઘાએ ઘડ્યો હતો. હજી કંઈક કચાશ છે તેમ સમજી બમણા જોરથી કામે વળ્યો. જિલ્લા પંચાયતની ચૂંટણીવેળા મારી તાકાતને પામી ગયેલા નેતાઓએ મારી સાથે મસલત કરી. સારાને સાથ આપવા ઠરાવ્યું. મેં જેને ટેકો આપ્યો તે જીત્યા ત્યારે હું ખુદ ન જીત્યો પણ જિતાડી શકું તેવો તો જરૂર સાબિત થયો.

આજકાલના રાજકારણના કાવાદાવા આવડતા નથી. વાતો કરવાની ટેવ નથી. સંભવ છે કે ચાલુ લોકશાહીમાં લોકોનું કામ કરતો હોવા છતાં ન ચૂંટાઉં, પણ એથી જાગૃત કાર્યકર તરીકે ‘રાજકારણ અછૂત છે – હું તેનાથી પર રહીશ’ એવું હું નહીં કહી શકું. હજી ગામડાનું રાજકારણ પેચીદું છે. શિક્ષણ દ્વારા ગ્રામસમાજનું ઘણું ઘડતર કરવાનું છે. એટલે રાજકારણની શુદ્ધિ માટે પણ વર્ષો જાય તેવો સંભવ છે. શિક્ષણ દ્વારા તે ઘડતર કરવા બેઠો છું; રાજકારણને અછૂત માની નહીં શકું. લોકશાહીમાં જીવનારો હું ‘લોક’ વચ્ચે કામ કરું છું ત્યારે ‘શાહી’થી કેમ છૂટો રહું ?

વિચારની આ દેણગી લોકભારતીની છે.

ત્રિસૂત્રીનગર – લોકભારત કેન્દ્ર અને લોકહાટ

૩૫-૪૦ કાર્યકર્તાઓ ખભે થેલા, બગલમાં બિસ્રા લઈ ’૭૮માં સમી તાલુકામાં યાત્રા કરી. રાત્રે મનોરંજન કરીએ. નહીં કોઈ ફંડફાળો. સવારે ગ્રામસફાઈ, ગામાયત કામ. ગ્રામજનો પણ ભળે. બપોરે છૂટા છૂટા ઘરે જમવાનું. બપોર પછી રોગનિદાન. આમ ગામડાંનાં દર્શન કર્યાં. આ દેશમાં ચાલવાની ક્યાં નવાઈ છે ? સાધુઓ કાશીથી કન્યાકુમારી યાત્રા કરતા જ હોય છે ને ? પણ આ તો તેમનામાં જ ભણેલાઓની યાત્રા હતી. દરિદ્રનારાયણ ત્યારે પ્રત્યક્ષ થયો. ભયંકર ગરીબી જોઈને મન હલી ઊઠે. મૂળમાં બેકારી. પૂરા બેહાલ. કામ ઇચ્છે પણ મળે નહીં. મળે તો પૂરી રોજી ન અપાય. તેમાં જો પ્રસંગે ઉછીના-ઉધાર લેવા પડ્યા તો તેણે ધીરનારને ત્યાં વ્યાજમાં આખું વર્ષ કામ કરવું પડે. કાં તો ખેતી હોય તો પહેલેથી માલ માંડી દેવો પડે. શાહુકાર સસ્તું-નમતું ને તેમ વજનમાં આડું-અવળું કરીને પણ છેતરે. આમાંય જો દુષ્કાળ આવે તો સાફ થઈ જાય. આ માટે શું કરવું ? પ્રશ્ન મનમાં ઘોળાવા લાગ્યો.

ત્યાં વળી લોકભારતીમાંથી જ જવાબ મળ્યો. ત્રિસૂત્રી કાર્યક્રમ-અંબર, ગાય, થોડી જમીન- એક બીજાનો આશરો છતાં હંમેશનો ટેકો.

પણ, આ વિસ્તાર ખારો. લીલું ઘાસ ન મળે. ગાય કોઈ સ્વીકારે નહીં. શું કરવું ?

ઉકેલ કાઢયો. ભેંશ રાખવી. સંસ્થામાં ગાયનો વિકાસ કરવો. તેઓ ગાય માંગતા થાય તેમ આપણે કરવું.

સતત બે વર્ષ આ વાત વાગોળી. હરિ ૐ આશ્રમના શ્રી ઇન્દુભાઈનો પ્રવાસ મુજપુર ગોઠવેલો-તે કાર્યક્રમમાં યુનિયન બેંકના મૅનેજર આવ્યા. વાત નીકળી. તેમણે લોન આપવા સ્વીકાર્યું. લેનાર મળ્યો રૂપો દારૂડિયો. તેણે કહ્યું, ભેંશ-અંબર આપો, મહેનત કરીશું. ૨૫૦-૩૦૦ રૂપિયા મહિને મળે તો અમે ૨૫ જણાં આવીએ.

શંખેશ્વરમાં પણ વાત થઈ. આઠ કુટુંબ તૈયાર થયાં અને ત્યાં સંસ્થા પડખે આવી ગયાં. ભેંશ, અંબર અને થોડી જમીન પર તેમણે તેમનો પુરુષાર્થ શરૂ કર્યો છે, વળી ૮૩ એપ્રિલમાં મારી રીત મુજબ ઢોલ વગાડી વાજતે-ગાજતે મુજપુર પાદરમાં પણ ત્રિસૂત્રીનગર સ્થાપશું. તેઓ રોજી મેળવશે, ખાદી પહેરશે. બાળકો ભણશે, સંપીને રહેશે અને ત્રણ વર્ષને અંતે સ્વમાનભેર અંબર અને ભેંશ અથવા શંકર ગાય લઈને ઘેર જશે અને કોઈની ગરજ અને કરજ વગર સૌની સાથે સુખેથી જીવશે.

આ ત્રિસૂત્રીયોજના-લોકભારતી કેન્દ્ર સફળ બન્યું, બનશે એવી શ્રદ્ધા છે. તો આવાં ઘણાં કેન્દ્રો ઊભા થવાનાં. બેકારીના ખપ્પરમાં હોમાતા અનેક અટકશે અને સાચું જીવન જીવવાનો પાયો નંખાશે. આવું પાયાનું કામ કરતો થયો તે દૃષ્ટિદાન કરનાર – પ્રેરણા આપનાર માતા છે લોકભારતી.

વળી આ ગરીબોને તેમની જીવનજરૂરિયાતો વાજબી ભાવે તેમના માલના બદલે ચોખ્ખી મળે તે માટે લોકહાટની એક યોજના હમણાં જ ઓક્સફામની મદદથી શરૂ કરી છે. શંખેશ્વર-ફત્તેપુર-મુજપુરમાં તેમનો માલ લઈ તેમની જરૂરિયાતો પૂરી પાડવા મથી રહ્યા છીએ.

## મા-દીકરો

આવાં બધાં જનસેવાનાં કાર્યો કરતાં કરતાં અનેક વિટમ્બણાઓ આવે, મૂંઝવણો થાય ત્યારે આપણને તેના ઉકેલો મળે તેનું દિશાસૂચન લોકભારતીમાંથી મળી રહે તે અમારું સદ્ભાગ્ય છે.

હું લોકભારતીનું ફરજંદ છું. ત્યાંથી મળેલા સંસ્કારો મને યોગ્ય રસ્તે ચલાવે છે. માથે ચડેલું દેણું ગ્રામસેવાક્ષેત્રે કરેલાં કાર્યો દ્વારા ઓછું કરીને સંતોષ અને આનંદ અનુભવું છું.

નજર ‘એની’ સામે છે. ને ઉત્સાહભેર આગળ ધપ્યે જાઉં છું.

*******************************